**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦     ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૧૪/૨/૨૦૧૫ શનિવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**<u>નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૧૫/૧૫</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી ૨૫ વ્યક્તિઓને ઝડપી, ૧૦૯ લીટર દેશી દારૂ, ૧૫૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૫ બિયર ટીન, ૧ કાર અને ૧ ઓટોરિક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૧ કેસ કરી ૩ વ્યક્તિને ઝડપી રૂપિયા ૭૬૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**<u>તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૧૬/૧૫</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૭૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>અપહરણઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૧૭/૧૫</u>**

**વેજલપુરઃ** કાજલબહેન છોગાજી સુથાર (ઉ.વ.૧૪) (રહે.ઓમ શિવાલય એપાર્ટમેન્ટ વૈજનાથ સ્કૂલ પાસે વેજલપુર) ને તા.૧૧/૨/૧૫ સાંજના ૭/૧૫ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી દશરથ બાબુજી ઠાકોર લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ બહેનની માતા કાંતાબહેન સુથારે તા.૧૩/૨/૧૫ નારોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે કે પંડયા ચલાવે છે.

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૧૮/૧૫</u>**

**શહેરકોટડાઃ** હરગોવનભાઈ ગોપાલદાસ પરમાર (રહે.ગવર્નમેન્ટ ડી કોલોની દીલ્લીવાળી ચાલી સામે વિજય મીલ ફ્રુટ માર્કેટ પાસે નરોડા) એ તા.૧૩/૨/૧૫ નારોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૨/૧૫ રાતના ૧૧/૦૦ થી તા.૧૩/૨/૧૫ સવારના ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ કિમત રૂપિયા ૨,૬૭,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી જી ભટ્ટ ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૧૯/૧૫</u>**

**સરદારનગરઃ** સિલવંતકુમાર ત્રીભોવનદાસ મેહરીયા (રહે.નીરંજનનગર સોસાયટી શારદા સ્કૂલની પાછળ અસારવા) એ તા.૧૩/૨/૧૫ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૨/૧૫ સવારના ૭/૦૦ થી તા.૧૩/૨/૧૫ સવારના ૭/૦૦ વાગ્યા દરમ્યાન કોતરપુર વોટર વર્કસ કંપાઉન્ડ માંથી વાડીયા બ્રધર્સ કંપનીનો વોટર પંપ અને કપલીનો મળી કુલ કિમત રૂપિયા ૧,૫૬,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ઝેડ એમ સીંધી ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૨૦/૧૫</u>**

**બાપુનગરઃ** હરેશભાઇ છગનભાઇ છાયાણી (રહે.ગુ.હા.બોર્ડ સોમનાથ મંદિર પાસે બાપુનગર) એ તા.૧૩/૨/૧૫ નારોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૮/૨/૧૫ રાતના ૯/30 વાગ્યાના સુમારે હરેશભાઇના પિતા છગનભાઇ બાપુનગર સેલ્સ ઈન્ડીયાની બાજુમાં આવેલ ઈલા સોસાયટી નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા લોડીંગ રિક્ષાના ચાલકે રિક્ષા બેદરકારીથી ચલાવી છગનભાઇને ટક્કર મારતા છગનભાઇને ગંભીર ઈજાઓ થતા તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પોસઈ ડી.ડી.ચૌધરી ચલાવે છે.

**ઘાટલોડીયાઃ** અમથીબહેન જકશીભાઈ દેસાઈ (ઉ.વ.૫૦) (રહે.કાંકરીયા હનુમાનની ચાલી સોલા રોડ) તા.૧૩/૨/૧૫ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે સોલા રોડ બીઆરટીએસ રસ્તો ક્રોસ કરતા હતા ત્યારે મોટર સાયકલ નંબર જીજે ૧ એસ એન ૫૮૧૫ ના ચાલકે મોટર સાયકલ બેદરકારીથી ચલાવી અમથીબહેનને ટક્કર મારતા માંથામાં ગંભીર ઈજાઓ થતા અમથીબહેનનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર અમથીબહેનના પુત્ર રાજુભાઈ દેસાઈએ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર એન વિરાણી ચલાવે છે.

**<u>ભુલથી વધારે ગોળી ગળી જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૨૧/૧૫</u>**

**દરીયાપુરઃ** માલતીબહેન કીરીટભાઈ માસ્તર (ઉ.વ.૪૫) (રહે.ભંડેરી પોળ દરીયાપુર) એ તા.૧૨/૨/૧૫ નારોજ પોતાના ઘરે ભુલથી બીમારીની વધારે ગોળી ગળી જતા સારવાર માટે વા.સા.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તા.૧૩/૨/૧૫ કલાક ૨/૦૦ વાગ્યાના સુમાતે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે દરીયાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ દરીયાપુર પોલીસ ચલાવે છે.

**<u>ધાબા ઉપરથી પડી જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૨૨/૧૫</u>**

**વસ્ત્રાપુરઃ** શંકરભાઈ ભેરાભાઈ મેણા (ઉ.વ.30)(રહે.ઠાકોરવાસ વસ્ત્રાપુર ગામ) તા.૬/૨/૧૫ સવારના ૧૧/30 વાગ્યાના સુમારે પોતાના મકાનના પહેલા માળે ધાબા ઉપરથી લપસી પડી જતા માથાના ભાગે તેમજ શરીરે ઈજા થતા વા.સા.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં તા.૧૩/૨/૧૫ કલાક ૦૦/૧૫ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી જયંતીલાલ મણીલાલ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૨૩/૧૫</u>**

**બાપુનગરઃ** ઉર્મીલાબહેન રાકેશભાઈ સોલંકી (ઉ.વ.૩૨) (રહે.જમનાનગરના છાપરા સ્ટેડીયમ પાસે બાપુનગર) એ તા.૧૩/૨/૧૫ કલાક ૭/૦૦ વાગે કોઈ કારણસર પોતાના ઘરે મશીનમાં નાખવાનુ તેલ પી લીધુ હતુ. સારવાર માટે શારદાબેન હોસ્પિટલમા દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ઉમેદસિહ શૈવસિહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.